# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે , વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં વિશ્વાસપૂર્ણ સાયબર સુરક્ષા વધુને વધુ મહત્વપૂર્ણ બની રહી છે.
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભાર મૂક્યો કે, ભારત અને આસિયાન શાંતિપૂર્ણ, સ્થિર અને મુક્ત ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે ઉત્સુક છે
3. ભારતમાં 2015 થી 2024 દરમિયાન નવા ક્ષય રોગના કેસોમાં 21 ટકાનો ઘટાડો નોંધાયો
4. કેનેડા અને ભારતે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે વાટાઘાટો ઝડપી બનાવી.
5. ક્રિકેટમાં આજે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે T-20 શ્રેણીની ચોથી મેચ હૈદરાબાદ ખાતે રમાશે.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# VAISHNAW – SEMICONDUCTOR

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શ્રૃંખલામાં વિશ્વાસ પૂર્ણ સાયબર સુરક્ષા વધુને વધુ મહત્વપૂર્ણ બની રહી છે. આજે નવી દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમમાં બોલતા, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત સેમિકન્ડક્ટર ડિઝાઇન , ઉત્પાદન અને ફિનિશ્ડ ઉત્પાદનોના પરીક્ષણમાં વિશ્વસનીય ભાગીદાર તરીકે તેની સ્થિતિ મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે.

મોબાઇલ ફોન ઉદ્યોગનું ઉદાહરણ આપતા , શ્રી વૈષ્ણવે જણાવ્યું કે ભારતે શરૂઆતમાં એસેમ્બલી પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને પછી મોડ્યુલ અને ઘટક ઉત્પાદનમાં વિસ્તરણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દેશનું લક્ષ્ય નાણાકીય , આર્થિક અને ટેકનોલોજીકલ ક્ષેત્રોને મજબૂત બનાવવાનું છે.

BYTE: ASHWINI VAISHNAW

# RAJNATH - ASEAN INDIA DEFENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભાર મૂક્યો કે , ભારત અને આસિયાન શાંતિપૂર્ણ , સ્થિર અને મુક્ત ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે ઉત્સુક છે. આજે સવારે નવી દિલ્હીમાં આસિયાન-ભારત સંરક્ષણ થિંક ટેન્ક ફોરમને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે આસિયાન ભારતના ઈન્ડો-પેસિફિક વિઝનનું કેન્દ્ર છે અને ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી દક્ષિણપૂર્વ એશિયા સાથે સમાન ભાગીદાર તરીકે કામ કરવાની લાંબા ગાળાની પ્રતિબદ્ધતા છે.

શ્રી સિંહે ભાર મૂક્યો કે હિંદ મહાસાગર અને દક્ષિણપૂર્વ એશિયાનુ જળ એક જ સંયુક્ત દરિયાઈ સ્થળ છે , જેની સલામતી સહિયારી જવાબદારી છે. 2026 ને આસિયાન-ભારત દરિયાઈ સહકાર વર્ષ તરીકે નિયુક્ત કરવા તરફ નિર્દેશ કરતા , તેમણે દરિયાઈ ક્ષેત્ર માહિતીનુ આદાનપ્રદાન , કટોકટી, ચાંચિયાગીરી અને ગેરકાયદેસર માછીમારી જેવા પડકારોને પહોંચી વળવા હાકલ કરી હતી.

શ્રી સિંહે દરિયાઈ સુરક્ષા , આપત્તિ પ્રતિભાવ, સાયબર જોખમો અને ઉભરતી ટેકનોલોજીઓ પર કેન્દ્રિત સંયુક્ત ભારત-આસિયાન સંશોધન એજન્ડા વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો.

# SONOWAL - CREDIT RISK INSURANCE

કેન્દ્રીય બંદરો , શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે રાષ્ટ્રીય શિપબિલ્ડિંગ મિશન હેઠળ ભારતના શિપબિલ્ડિંગ ઉદ્યોગને વધુ સક્ષમ બનાવવા બે વિશિષ્ટ ક્રેડિટ રિસ્ક વીમા ઉત્પાદનોની જાહેરાત કરી છે.

મુંબઈમાં 21મી મેરીટાઇમ સ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ ( MSDC) ની બેઠકને સંબોધતા, શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે શિપબિલ્ડિંગ પ્રોજેક્ટ ક્રેડિટ રિસ્ક ઇન્સ્યુરન્સ પોલિસી નિકાસ પ્રોજેક્ટ્સને આવરી લેશે , જ્યારે બિઝનેસ ક્રેડિટ શીલ્ડ પોલિસી-શિપબિલ્ડર્સ સ્થાનિક પ્રોજેક્ટ્સને સુરક્ષિત કરશે.

શ્રી સોનોવાલે કહ્યું કે , સરકાર વીમા પ્રિમીયમ સબસિડી આપશે અને શિપયાર્ડ્સ દ્વારા દાવાની સ્થિતિમાં વીમા કંપનીઓને સીધો ટેકો પૂરો પાડશે. વ્યવસાય કરવાની સરળતા તરફના એક મોટા પગલામાં , કાઉન્સિલે નિર્ણય લીધો કે તમામ બંદરોને માર્ચ 2027 સુધીમાં મેરીટાઇમ સિંગલ વિન્ડો ( MSW સાગર સેતુ) સાથે એકીકૃત કરવા જોઈએ , જેથી દેશભરમાં એકીકૃત ડિજિટલ પ્રક્રિયાઓ સુનિશ્ચિત થાય. zમંત્રીએ 'વન નેશન વન પોર્ટ પ્રોસેસ ' (ONOP) પહેલના અમલીકરણ માટે રેડી રેકનર પણ લોન્ચ કર્યું. કાઉન્સિલે પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે પોર્ટ ટેરિફનું ઇલેક્ટ્રોનિક પ્રકાશન પણ ફરજિયાત બનાવ્યું.

# INDIA - TB CASES

ભારતમાં 2015 થી 2024 દરમિયાન નવા ક્ષય રોગના કેસોમાં 21 ટકાનો ઘટાડો નોંધાયો છે , જ્યારે વૈશ્વિક સ્તરે આ ઘટાડો 12 ટકાનો હતો. દેશમાં ક્ષય રોગની સારવારનો વ્યાપ 92 ટકા સુધી પહોંચી ગયો છે . સરકારે વિસ્તૃત સ્ક્રીનીંગ, અદ્યતન ટેકનોલોજી અને સમુદાય ભાગીદારી દ્વારા ક્ષય રોગને નાબૂદ કરવા માટે પ્રયાસોને વધુ વેગવંતા બનાવ્યા છે.

ક્ષય મુક્ત ભારત અભિયાન હેઠળ, 28 કરોડથી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે, 20 લાખથી વધુ વ્યક્તિઓએ ક્ષય રોગ નિવારક સારવાર મેળવી છે અને પાંચ લાખ 70 હજાર નવા નિક્ષય મિત્ર આ પહેલમાં જોડાયા છે.

પાયાના સ્તરે જાગૃતિને મજબૂત બનાવવા માટે 13 ઓક્ટોબરના રોજ 11 રાજ્યો અને 55 જિલ્લાઓમાં પાયલોટ ધોરણે જોશ - જોઈન્ટ સ્ક્વોડ ફોર હેલ્થ - અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# JAMMU KASHMIR

જમ્મુ અને કાશ્મીરમાં , સુરક્ષા દળોએ પૂંછ જિલ્લાના સુરનકોટ તહસીલમાં સજવાન સેક્ટરના સથરબન વિસ્તારમાં ગઈકાલે સર્ચ ઓપરેશન દરમિયાન હથિયારો, દારૂગોળો અને અન્ય સામગ્રીનો જથ્થો જપ્ત કર્યો હતો.

ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે આર્મીના રોમિયો ફોર્સ અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. શોધ દરમિયાન, દળોને એક કુદરતી ગુફા મળી આવી હતી જેનો ઉપયોગ કથિત રીતે વસ્તુઓ છુપાવવા માટે કરવામાં આવતો હતો.

જપ્ત કરાયેલી સામગ્રીમાં એક AK-47 રાઇફલ , 30 રાઉન્ડ દારૂગોળો , છ ગ્રેનેડ અને તબીબી સાધનોનો સમાવેશ થાય છે. સાવચેતીના પગલા તરીકે, બોમ્બ ડિસ્પોઝલ ટીમે સ્થળ પર ગ્રેનેડનો નાશ કર્યો. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM 25 YEARS - DHOLERA

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે . આ નિમિતે આજે અમારી વિશેષ શ્રેણીમાં ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજનના વિકાસ અંગે વાત કરીશું.**

## VOICE OVER: MITAL PATEL

*ભારતના મોટાભાગના ઔદ્યોગિક શહેરો પહેલા વિકસે છે , ને માળખાગત સુવિધાઓ પાછળથી આવે છે. ધોલેરા એ પ્રધાનમંત્રી મોદીનું નવું સાહસિક વિઝન છે: ખંભાતના અખાત પર એક નવું સ્માર્ટ સિટી જ્યાં એક પણ પ્લોટ વેચાય તે પહેલાં રસ્તા, પાણી, વીજળી અને ઇન્ટરનેટની સુવિધાઓ અપાઈ છે આધુનિક ઉત્પાદન કેન્દ્ર તરીકે ધોલેરાના ઝડપી વિકાસ પર પોતાનો ગર્વ વ્યક્ત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું:*

*S/B – PM MODI*

*સ્માર્ટ સિટીના વિસ્તાર અને તેના ઝડપથી વિકસતા માળખાગત સુવિધાઓ વિશે વિગતવાર વાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું:*

*S/B – BHUPENDRA PATEL*

*તેના ઐતિહાસિક દરિયાઈ વારસાથી લઈને ભારતના અત્યાધુનિક ઉત્પાદન ભવિષ્ય સુધી , ધોલેરા એ દૂરંદેશી આયોજન અને વિકસિત ભારત માટેના સંકલ્પનું એક અનોખું પ્રતીક છે. અપર્ણા ખૂંટના અહેવાલ સાથે મિતલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

# CJP LEADERS JUDICIAL CUSTODY

દિલ્હીની સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટે આજે કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રંકાને પાંચ દિવસના ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા છે, જ્યારે અન્ય એક નેતા અજિંક્ય શિંદેને વ્યક્તિગત બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા છે.

વિરોધ સ્થળ તરીકે રદ થયાના એક દિવસ બાદ દિલ્હી પોલીસે જંતર-મંતરમાં પ્રવેશવાનો પ્રયાસ કરવાના આરોપમાં આ ત્રણેયની અટકાયત કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ જૂથ 13 ઓક્ટોબરના રોજ રાષ્ટ્રધ્વજ લઈને અને સૂત્રોચ્ચાર કરીને બંધ દરવાજા અને બેરિકેડ્સ પર ચઢી ગયું હતું, ત્યારબાદ સુરક્ષા કર્મચારીઓ દ્વારા તેમને અટકાવવામાં આવ્યા હતા.

ગેરકાયદેસર સભા અને જાહેર સેવક દ્વારા જારી કરાયેલા આદેશનું ઉલ્લંઘન સહિતના આરોપોમાં ત્રણેય નેતાઓ અને અન્ય લોકો સામે FIR નોંધવામાં આવી છે.

# CANADA-INDIA TALKS

કેનેડા અને ભારતે ઓટ્ટાવામાં 5 થી 9 ઓક્ટોબર દરમિયાન પાંચમા રાઉન્ડની વાટાઘાટો બાદ , 2026ના અંત સુધીમાં કરાર પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખીને વ્યાપક આર્થિક ભાગીદારી કરાર ( CEPA) માટે વાટાઘાટો ઝડપી બનાવી છે. બંને દેશો આર્થિક સંબંધોને મજબૂત બનાવવાના પ્રયાસો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને રોકાણનો વિસ્તાર કરવા માંગે છે.

કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ આ અઠવાડિયે નવી દિલ્હીમાં ભારત માટે કેનેડિયન વેપાર મિશન દરમિયાન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલને મળ્યા હતા. ગ્લોબલ અફેર્સ કેનેડા અનુસાર , મંત્રીઓએ વાટાઘાટોમાં પ્રગતિની સમીક્ષા કરી હતી અને પ્રસ્તાવિત કરારને આગળ વધારવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

12 થી 17 ઓક્ટોબર સુધી ચાલનારા વેપાર મિશનમાં મુંબઈ અને બેંગલુરુની મુલાકાત લેતા લગભગ 300 પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે જે ઊર્જા, મહત્વપૂર્ણ ખનિજો, એરોસ્પેસ, કૃત્રિમ બુદ્ધિ અને અદ્યતન ઉત્પાદનમાં વ્યવસાય અને રોકાણની તકો પર મંથ કરશે.

# CRICKET

ક્રિકેટમાં આજે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પાંચ મેચની T-20 શ્રેણીની ચોથી મેચ રમાશે. આ મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સાંજે 7 વાગ્યે શરૂ થશે.

રવિવારે ઈન્દોરમાં ત્રીજી T-20 મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 14 રનથી હરાવ્યા બાદ, ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-1થી આગળ છે. ભારતની ટીમ આજે શ્રેણી જીતવાના ઇરાદાથી , જ્યારે વેસ્ટ ઈન્ડિઝ ટીમ શ્રેણી સરભર કરવા મેદાનમાં ઉતરશે.